## સલખણપુરના લેખો.

( ૪૬૯ થી ૪૫૭. )

આ ગામ પણ ઉપર જણાવેલા પ્રાંતમાં-શંતેજથી ૫-૭ ગાઉ ઉપર આવેલું છે. એ ગામમાં આગળ ઉપર બે ત્રણ મંદિરો હતા પરંતુ હાલમાં તે બધાને ભેગાં કરી એકજ નવું મંદિર તૈયાર કર્યું છે. એ મંદિરમાં પણ, ઉપર જણાવ્યા પ્રમાણે એક ભોંયરા જેવી કોટડીમાં જૂના પરિકરો અને પબાસણો મૂકી રાખેલા છે તેમના ઉપર આ બધા લેખો કોતરેલા છે. બધા લેખો ૧૪ મા સૈકાના પૂર્વ ભાગના છે અને તેમનામાં જૂદા જૂદા બે ત્રણ મંદિરોનાં નામો મળી આવે છે તેમજ બે ત્રણ ગચ્છના જૂદા જૂદા આચાર્યોનાં નામો પણ પ્રતિષ્ઠાકારક તરીકે ઉપલબ્ધ થાય છે. આ ઉપરથી જણાય છે કે એ સમયમાં બે ત્રણ મંદિરો એક સાથે જ એ સ્થાનમાં તૈયાર કરવામાં આવ્યાં હશે.

લેખોમાંનું વર્ણન ટુંકુ અને સ્પષ્ટ રીતે સમજાય તેવું છે.